૭૦

તા. ૨૧/૯/૨૦૧૯ - શનિવાર - ફુલછાબ



# જામનગરમાં પ્લાસ્ટિકના ઉત્પાદકોનું રજિસ્ટ્રેશન ફરજિયાત

## જામનગર ચેમ્બર દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અંગે ગુજરાત પ્રદૂષણ કન્ટ્રોલબોર્ડ અને મહાપાલિકા સાથે બેઠક : કાયદાકીય માર્ગદર્શન



જામનગર ચેમ્બર, ગુજરાત પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડ, મહાનગરપાલિકાની બેઠક

જામનગર : જામનગ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એક્ટ-૨૦૧૬ બાયલોઝ ૨૦૧૯ ...બત માર્ગદર્શન મેળવવા માટે ...રાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ તથા જામનગર મહાપાલિકાના અધિકારી સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રીજીયોનલ મેનેજર બી.જી.સુત્રેજા, સાયન્ટીફીક ઓફિસર પી.એસ.દવે તથા મહાપાલિકાના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફીસર મનોજ રાઠોડે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી.જાડેજાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ કાયદાની જોગવાઈઓનું વેપારીઓને સરળ રીતે માર્ગદર્શન મળી રહે તે માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રીજીયોનલ મેનેજર બી.જી.સુત્રેજાએ જણાવ્યું હતું કે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટનો કાયદો વર્ષ ૨૦૧૬ થી અમલમાં છે.સરકારે જ્યારે કોઈ નવો કાયદો બહાર પાડે ત્યારે તેના ડ્રાફટ નોટીફીકેશન બહાર પાડે છે અને લોકો પાસેથી સૂચનો મંગાવવામાં આવતા હોય છે.ત્યારબાદ કાયદાનું અમલીકરણ કરવામાં આવે છે. તેમ આ કાયદામાં પણ સુધારા-વધારા થતા તેનું અમલીકરણ હવે શરૂ કરવામાં આવ્યું છે. તેમણે એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ બાબત માહિતી આપી હતી. જી. પી. સી. બી.ના સાયન્ટીફીક ઓફિસર પી. એસ. દવેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાબત માહિતીઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્લાસ્ટિકના ઉત્પાદકો, પ્રોડ્યુસરો તથા જથ્થાબંધના વેપારીઓ તથા છૂટક વેપારીઓ કે જેઓ પ્લાસ્ટીક વેસ્ટ જનરેટ કરે છે તેવા વેપારીઓએ, રેંકડીવાળાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટે નિયત કરેલ ફી પણ ભરવી પડશે.આ તકે બ્રાન્ડેડ કંપનીઓની પ્રિન્ટેડ પ્લાસ્ટીક બેગ વિશે પણ વિસ્તૃત માહિતીઓ અપાઈ હતી.જેમાં હવેથી ૫૦ માઈક્રોન કે તેથી વધુ માઈક્રોન જ પ્લાસ્ટિક વાપરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

જામનગર મહાપાલિકાના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફિસર મનોજ રાઠોડે માહિતી આપતા જણાવ્યું હતું કે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એટલે પ્લાસ્ટિકના ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવું, તેને રીસાયકલ પ્રોસેસ કરવી અને તેનો યોગ્ય નિકાલ કરવો.સરકાર દ્વારા આ માટેના નિયમો બનાવવામાં આવ્યા છે.જેમાં ઉત્પાદકે, પ્રોડ્યુસરે, ફરી વેંચનારે જામનગર મહાપાલિકામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ નવા નિયમ અનુસાર પ્લાસ્ટિક બેગ ઉપર બનાવનાર અથવા વહેંચનારનું નામ રજી.નંબર વગેરે પ્રિન્ટ કરવાના રહેશે. જેથી કઈ બેગ કોણે બનાવી છે, કોને વેંચી છે જેથી વેસ્ટ જનરેટ થાય ત્યારે તેનો ડેટા સરકાર પાસે આવે. આમ કોઈપણ બેગ (વેસ્ટરૂપે) કોઈપણ રાજ્યમાંથી મળે તો પણ જે રાજ્યમાંથી ઉત્પાદીત થયેલ હોય કે વેંચાણ થયેલ હોય તેની જવાબદારી ફીક્સ થશે અને તે કંપની પાસેથી તેના રીસાયકલીંગનો ચાર્જ વસૂલ કરી શકાય.જેને એક્સટેન્ડેડ પ્રોડ્યુસર રીસ્પોન્સીબીલીટી કહેવાય છે.સરકારનો હેતુ પ્લાસ્ટીકનો વપરાશ ઓછો થાય અને વેસ્ટનો યોગ્ય નિકાલ થાય અને પર્યાવરણનું જતન થાય તેવો છે.

આ બેઠકમાં ઉપસ્થિત વેપારીઓએ તથા એસોસીએશનના પ્રતિનિધિઓએ બન્ને અધિકારીઓને પ્રશ્નોતરી દ્વારા પ્લાસ્ટિક વેસ્ટને લગતા વિવિધ મુશ્કેલીરૂપ પ્રશ્નો પૂછ્યા હતા.તેના બન્ને અધિકારીઓએ પ્રત્યુત્તર આપ્યાં હતાં.

જી. પી. સી. બી. વતી જયદેવભાઈ નાનસીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.આ બેઠકમાં ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યો, ચેમ્બર સંલગ્ન વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ તેમજ ચેમ્બરની પર્યાવરણ અને વોટર કન્ઝર્વેશન પેનલ તથા જામનગર મ્યુનિ. કોર્પો., કાયદો વ્યવસ્થા અને ટ્રાફિક પેનલના ચેરમેનો તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યાં હતાં.